# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. **સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમારંભને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે વર્ષ 2030 માં, અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સના આયોજનથી સમગ્ર વિશ્વ ભારત તરફ જોશે.**
2. **કેન્દ્રીય રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ સાંસદ ખેલ મહોત્સવને ખેલાડીઓના ચારિત્ર્ય નિર્માણનું પ્રતિક ગણાવ્યો**
3. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેઇની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા
4. નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકેથી આજે સવારે તેની પ્રથમ વાણિજ્યિક ફ્લાઇટના આગમન સાથે તેની એરસાઇડ કામગીરીનો પ્રારંભ
5. આજે દેશભરમાં નાતાલની ઉજવણી ... રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનંત્રીએ શુભકામનાઓ પાઠવી
6. ગૃહ મંત્રાલયમાં મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના ખાસ સહાયક ખુદાબક્ષ ચૌધરીએ બાંગ્લાદેશમાં તેમના પદ પરથી રાજીનામું ધર્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV PM-SANSAD KHEL MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું સાંસદ ખેલ મહોત્સવ દ્વારા દેશભરમાં હજારો પ્રતિભાશાળી રમતવીરો ઉભરી રહ્યા છે. આજે સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમારોહને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી મોદીએ કહ્યું તેનો વ્યાપ અને અસર નોંધપાત્ર રીતે વિસ્તરી છે. ખેલ મહોત્સવ યુવા વિકાસ દ્વારા રાષ્ટ્ર નિર્માણનો મજબૂત સ્તંભ બની રહ્યો હોવાનું પણ તેમણે ઉમેર્યું.

**(PM MODI ON SANSAD KHEL MAHOTSWA) byte**

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ રમતો, જીત અને હારથી આગળ, અને રમતગમતની ભાવના અને યુવાનોના વિકાસમાં ફાળો આપે છે.

**(PM MODI ON YOUTH)**

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું છે કે સાંસદ ખેલ મહોત્સવે સમાજના વિચાર બદલવામાં મુખ્ય ભૂમિકા નિભાવી છે. શ્રી મોદીએ કહ્યું કે વર્ષ **2030** માં, જ્યારે ભારત અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે, ત્યારે સમગ્ર વિશ્વ ભારત તરફ જોશે. તેમણે કહ્યું કે, તે યુવા ખેલાડીઓ માટે એક મોટી તક હશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત વર્ષ **2036** ઓલિમ્પિકનું આયોજન કરવાની તક માટે પણ પ્રયાસ કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ દરેક માતાપિતાને અપીલ કરી કે તેઓ તેમના બાળકોને રમવા માટે પ્રોત્સાહિત કરે અને તેમને રમવાની તક આપે.

આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ સાંસદ ખેલ મહોત્સવને ખેલાડીઓના ચારિત્ર્ય નિર્માણનું પ્રતિક ગણાવ્યો હતો.

**(BYTE: MANSUKH MANDAVIYA)**

--------------

# PM LUCKNOW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૧મી જન્મજયંતિ પ્રસંગે લખનઉની મુલાકાત લેશે. બપોરે અઢી વાગ્યે પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીને સમર્પિત રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન કરશે અને જાહેર સભાને સંબોધિત કરશે.

સ્વતંત્ર ભારતના મહાન વ્યક્તિઓના ગૌરવશાળી વારસાને સન્માનિત કરવા પ્રધાનમંત્રી મોદીના સંકલ્પથી નિર્મિત રાષ્ટ્ર પ્રેરણા સ્થળ એ મહાન રાજનેતાના જીવન અને આદર્શોને શ્રદ્ધાંજલિ હશે, જેમના નેતૃત્વએ દેશની લોકશાહી, રાજકીય અને વિકાસ યાત્રા પર ઊંડી છાપ છોડી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRIBUTES-SADAIV ATAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમની સમાધિ સદૈવ અટલ ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી.

ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડા, ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ નીતિન નવીન, દિલ્હીના મુખ્ય મંત્રી રેખા ગુપ્તા, અનેક કેન્દ્રીય મંત્રીઓ, સંસદસભ્યો, ધારાસભ્યોએ પણ સ્વર્ગસ્થ ભૂતપૂર્વ પ્રધાનમંત્રીને પુષ્પાંજલિ અર્પણ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ**

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN**/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## NAVI MUMBAI AIRPORT OPERATION

નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકેથી આજ સવારે તેની પ્રથમ વાણિજ્યિક ફ્લાઇટના આગમન સાથે તેની એરસાઇડ કામગીરીનો પ્રારંભ કર્યો છે. વિમાનને આગમન પર ઔપચારિક વોટર કેનન સલામી આપવામાં આવી હતી,

બેંગલુરુથી ઇન્ડિગો ફ્લાઇટે  સવારે **8:00** વાગ્યે ઉતરાણ કર્યું હતું. પરંપરાગત વોટર કેનન સલામી સાથે તેનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સવારે **8:40** વાગ્યે એરપોર્ટથી હૈદરાબાદ માટેની પ્રથમ ઉડાનનું પ્રસ્થાન ઇન્ડિગો ફ્લાઇટે  કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ VP PM - CHRISTMAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશને નાતાલની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ તહેવાર માનવતાના કલ્યાણ માટે ભગવાન ઈસુ ખ્રિસ્તના બલિદાનની યાદ અપાવે છે. તેમણે કહ્યું કે નાતાલ લોકોને સમાજમાં શાંતિ, સંવાદિતા, સમાનતા અને સેવાના મૂલ્યોને મજબૂત કરવા પ્રેરણા આપે છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે ઈસુ ખ્રિસ્તના ઉપદેશો સમાજમાં કાયમી શાંતિને પ્રોત્સાહન આપે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નાતાલના દિવસે નવી દિલ્હીના કેથેડ્રલ ચર્ચમાં એક ખાસ પ્રાર્થના સભામાં હાજરી આપી હતી. તેમના સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કામના કરી કે નાતાલ સમાજમાં દયા અને કરુણાની ભાવના જાગૃત કરે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## BANGLADESH-KHUDA BAKSH

ગૃહ મંત્રાલયમાં મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના ખાસ સહાયક ખુદા બક્ષ ચૌધરીએ બાંગ્લાદેશમાં તેમના પદ પરથી રાજીનામું આપી દીધું

છે. બુધવારે રાત્રે જાહેર કરાયેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, રાષ્ટ્રપતિ દ્વારા તેમનું રાજીનામું તાત્કાલિક સ્વીકારવામાં આવ્યું હતું

મુખ્ય સલાહકારની પ્રેસ વિંગે આ ઘટનાક્રમની પુષ્ટિ કરી હતી, જોકે કોઈ કારણ જાહેર કરવામાં આવ્યું ન હતું. ભૂતપૂર્વ પોલીસ મહાનિરીક્ષક, ખુદા બક્ષ ચૌધરીને 10 નવેમ્બર, 2024 ના રોજ આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા.

કાર્યકર્તા શરીફ ઉસ્માન બિન હાદીની હત્યા અને મૈમનસિંઘમાં કથિત ઇશનિંદાના આરોપમાં હિન્દુ યુવાન દિપુ ચંદ્ર દાસની મોબ લિંચિંગ બાદ સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થાના સંચાલન અંગે વધતી જતી ટીકાઓ વચ્ચે તેમણે આ રાજીનામું ધરી દીધુ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ RASHTRIYA BAL PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે નવી દિલ્હીમાં વીર બાલ દિવસ નિમિત્તે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર' એનાયત કરશે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે આ વર્ષે, ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૦ બાળકોને આ સન્માન માટે પસંદ

કરવામાં આવ્યા છે, જેમણે બહાદુરી, રમતગમત અને સામાજિક સેવા સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ દર્શાવી છે.

મંત્રાલયે માહિતી આપી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વીર બાલ દિવસના રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં બાળકો અને યુવાનોને પણ સંબોધિત કરશે. તેમાં ઉમેર્યું કે નવી દિલ્હીમાં આયોજિત આ કાર્યક્રમમાં બહાદુરી, સ્થિતિસ્થાપકતા અને નિઃસ્વાર્થ સેવાની વાર્તાઓ ઉજાગર કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં દેશના સમૃદ્ધ સભ્યતા વારસા અને બહાદુરીની ભાવના દર્શાવતા સાંસ્કૃતિક પ્રદર્શન પણ જોવા મળશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## N.KOREA-SUBMARINE TEST

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉને ગઈકાલે સબમરીન બાંધકામ પ્રવૃત્તિઓ અને લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલના પરીક્ષણનું નિરીક્ષણ કર્યું હતું.

આ મિસાઇલો 200 કિલોમીટરની રેન્જ ધરાવે છે. અગાઉ, શ્રી કિમે 8 હજાર 700 ટનની પરમાણુ સબમરીનનું નિરીક્ષણ કર્યું હતું, જે સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલો ચલાવવામાં પણ સક્ષમ છે. આ

પરીક્ષણોનો હેતુ ઉત્તર કોરિયાની નૌકાદળ ક્ષમતાઓને મજબૂત બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .